## (1) 'કેન્દ્રીય સતર્કતા આયોગ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક બંધારણીય સંસ્થા છે.
(2) તેની રચના સરકારીયા કમિશનની ભલામણના આધારે કરવામાં આવેલી છે.
(3) તેના ચેરમેનનો કાર્યકાળ ચાર વર્ષનો હોય છે.
(4) તેના ચેરમેનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નિવૃત્ત IAS અધિકારી શ્રી સંજય કોઠારીની નિમણૂક કેન્દ્રીય સતર્કતા કમિશનર (Central Vigilance Commissioner) તરીકે કરવામાં આવી છે.

⇛ કેન્દ્રીય સતર્કતા આયોગ (CVC - Central Vigilance Commission) એ કેન્દ્ર સ્તરે ભ્રષ્ટાચાર રોકવા માટેની મુખ્ય સંસ્થા છે.

⇛ CVCની સ્થાપના 1964માં ગેરબંધારણીય ગેરવૈધાનિક સંસ્થા તરીકે કરવામાં આવી હતી. પરંતુ વર્ષ 2003માં તેને વૈધાનિક સંસ્થાનો દરજ્જો મળેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ CVCની રચના સંથાનામ કમિટીની ભલામણના આધારે કરવામાં આવેલી છે. (આથી વિધાન (2) ખોટું છે.)

⇛ CVCના બંધારણમાં એક કમિશનર/ચેરમેન તથા વધુમાં વધુ અન્ય બે સતર્કતા કમિશનર હોય છે. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. તેઓનો કાર્યકાળ 4 વર્ષનો અથવા મહત્તમ 65 વર્ષની ઉંમર સુધીનો હોય છે. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'Feluda' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પરીક્ષણ પદ્ધતિ છે જેના દ્વારા માત્ર એક કલાકની અંદર જ કોરોનાનું પરીક્ષણ થઈ શકે છે.
(2) તેની અંદાજિત કિંમત આશરે 500 રૂપિયા જ છે.
(3) તેમાં 'Crispr' પદ્ધતિ વાપરવામાં આવે છે.
(4) આ પદ્ધતિ CSIR-IGIB નામની સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે.

(A) માત્ર (3) અને (4)
(B) માત્ર (1)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 'Feluda' એ એક 'પેપર–સ્ટ્રીપ ટેસ્ટ' છે કે જેના દ્વારા કોરોના વાયરસનું પરીક્ષણ માત્ર એક કલાકની અંદર જ થઈ શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પદ્ધતિ CSIR-IGIBના વૈજ્ઞાનિક દ્વારા વિકસાવવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ CSIR-IGIBનું પૂરું નામ Council of Scientific & Industrial Research Institute of Genomics and Integrative Biology છે.

⇛ તેની અંદાજિત કિંમત આશરે 500 રૂપિયા જેટલી જ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પદ્ધતિમાં જનીનમાં સુધારો કરી શકતી 'Crispr- Cas9' સિસ્ટમનો ઉપયોગ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) 'વિદ્યાદાન 2.0' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કાર્યક્રમ નીતિ આયોગનો છે.
(2) આ કાર્યક્રમમાં 'દિક્ષા' એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવશે.
(3) ભારતમાં રહેલી વિવિધ સંસ્થાઓ તથા લોકો આ કાર્યક્રમમાં ઈ–લર્નીંગ માટેના સંસાધનોનો ફાળો આપશે.
(4) આ કાર્યક્રમમાં માત્ર ઉચ્ચ સ્તરના શૈક્ષણિક કોર્ષનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1) અને (4)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'વિદ્યાદાન 2.0' કાર્યક્રમ લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વ્યક્તિગત લોકો તથા સંસ્થાઓ આ કાર્યક્રમ હેઠળ ઈ–લર્નીંગ માટેના સંસાધનોમાં પોતાનો ફાળો વિવિધ રીતે આપી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ હેઠળ મળેલાં 'કન્ટેન્ટ'નો ઉપયોગ 'દિક્ષા' એપ્લિકેશનમાં કરવામાં આવશે જેથી દેશભરના વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કોઈ પણ જગ્યાએ તથા કોઈ પણ સમયે કરી શકે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ હેઠળ શાળા સ્તરના તથા ઉચ્ચ સ્તરના શૈક્ષણિક કોર્ષનો સમાવેશ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'એજ્યુકેશન ફોર જસ્ટિસ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કાર્યક્રમ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)નો છે.
(2) આ અંતર્ગત આવનારી પેઢીને કેવી રીતે ગુનાખોરીને અટકાવવી અને સમસ્યાઓને કાયદા હેઠળ રહીને ઉકેલવી તેના વિશે શિખવવામાં આવે છે.
(3) આ અંતર્ગત માત્ર પ્રાથમિક સ્તરના બાળકોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.
(4) આ કાર્યક્રમ હેઠળ તાજેતરમાં 'લોકડાઉન લર્નસ' પહેલ ભારતમાં શરૂ કરવામાં આવેલી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ UNODC (યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ) દ્વારા 'એજ્યુકેશન ફોર જસ્ટિસ' કાર્યક્રમ ચલાવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ અંતર્ગત પ્રાથમિક, દ્વિતીયક તથા તૃતીયક સ્તરના બાળકોમાં શિક્ષણ દ્વારા કાયદાનું જ્ઞાન કરાવવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમનો હેતુ આવનારી પેઢીને કેવી રીતે ગુનાખોરીને અટકાવવી અને સમસ્યાઓનો ઉકેલ કાયદા હેઠળ રહીને કેવી રીતે લાવવો તેના વિશે શીખવવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ 'દોહા ડિકલેરેશન' હેઠળ ચલાવવામાં આવી રહ્યો છે.

⇛ તાજેતરમાં ભારતમાં 'લોકડાઉન લર્નસ' નામની પહેલ આ કાર્યક્રમ હેઠળ શરૂ કરવામાં આવેલી છે. જેમાં ટકાઉ વિકાસ લક્ષ્યો, શાંતિ અને કાયદા પર COVID-19ની કેવી અસર થશે તેના વિશે શીખવવામાં આવી રહ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) તાડોબા અંધારી ટાઈગર રિઝર્વ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ટાઈગર રિઝર્વ ઝારખંડમાં આવેલ છે.
(2) તે ઝારખંડનું સૌથી જૂનું તથા સૌથી મોટુ રાષ્ટ્રીય ઉદ્યાન પણ છે.
(3) અહીં વાઘ ઉપરાંત ભારતીય ચિત્તો, નિલગાય, જંગલી બિલાડી વગેરે જેવા પ્રાણીઓ પણ જોવા મળે છે.
(4) આ સ્થળને ટાઈઝર રિઝર્વનો દરજ્જો 1995માં મળેલ છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં તાડોબા અંધારી ટાઈગર રિઝર્વ આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે મહારાષ્ટ્રનું સૌથી જૂનું તથા સૌથી મોટું રાષ્ટ્રીય ઉદ્યાન પણ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તાડોબા રાષ્ટ્રીય ઉદ્યાન તથા અંધારી અભ્યારણ્યને 1995માં ભેગા કરીને તાડોબા અંધારી ટાઈઝર રિઝર્વ બનાવવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સ્થળની પાસે તાડોબા તળાવ તથા અંધારી નદી આવેલા છે.

⇛ મુખ્ય પ્રાણીઓ : વાઘ, ભારતીય ચિત્તો, સ્લોથ બીઅર, ગૌર, નિલગાય, જંગલી બિલાડી, સાંબર, ચિત્તલ વગેરે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અહીં વિશિષ્ટ સરિસૃપ પ્રાણીઓ જેવાં કે ભારતીય પાયથન, ભારતીય સ્ટાર કાચબો, કોબ્રા તથા રસીયન વાયપર પણ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT